શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૨૦
અંક : ૯

## જનરલ એસેમ્બલી

૨૦૦૫ માં રચાયેલા નેટવર્ક ઓફ એશીયા એન્ડ પેસીફીક પ્રોડયુસર ખેડૂતો અને કામદારોને ફેરટ્રેડ સીસ્ટમની તક આપે છે અને ખાતરી કરે છે કે એશીયા પેસીફીક ક્ષેત્રના નિર્માતાઓનો અવાજ તેની જનરલ એસેમ્બલીમાં સારી રીતે રજુ થાય. આ નેટવર્ક ખેડૂતોના સશકિતકરણ સાથે ઉત્પાદકોને તેના ઉત્પાદનો / સેવાઓને ફેરટ્રેડમાં લાવવામાં સહાય કરે છે. સભ્ય સંગઠનોને ફેરટ્રેડ પ્રીમીયમ થકી ખુબજ મદદ મળી રહી છે. આ સંસ્થા દ્વારા રચાયેલ ખેડૂત સંગઠન અવિરત ગયા વર્ષથી ફેરટ્રેડ સાથે જોડાતા ૨૧ સપ્ટેમ્બરના રોજ બેંગકોક ખાતે યોજાયેલ નેટવર્ક ઓફ એશીયા એન્ડ પેસીફીક પ્રોડયુસરની જનરલ એસેમ્બલીમાં ભાગ લેવાનો મોકો મળ્યો. એશીયા પેસીફીક ક્ષેત્રના નિર્માતાઓને મળવાનો તથા તેમના કામકાજોનો પરિચય થયો. આપણાં ઉત્પાદનો માટે પણ આંતરરાષ્ટ્રિય બજારની તકો ઉભી થાય તેવી શકયતા જોવા મળી. પ્રતિનિધિ મંડળની ચુંટણીની પારદર્શી અને લોકતાંત્રિક પ્રક્રિયા જોવા મળી. તમામ રાષ્ટ્રોના ઉત્પાદક સંગઠનોના પ્રતિનિધિઓનો ઉત્સાહ આ કાર્યોમાં ઘણું આગળ જઈ શકાય છે તેઓ સંદેશ આપે છે.

## સાધારણ સભાઓ

ગત માસમાં આપણા ખેત ઉત્પાદક સંગઠનો પૈકી ૧ સંગઠનની સાધારણ સભા યોજાઈ હતી. બાકી રહેલા સંગઠનોની આ માસમાં સાધારણ સભાઓ યોજાઈ હતી. જનપથની સાધારણ સભામાં કોઈ જઈ શકયુ નહી. ગુજપ્રો તથા સજજતા સંઘની સાધારણ સભામાં સંસ્થાએ ભાગ લીધો હતો. માસ દરમ્યાન ખેત ઉત્પાદક સંગઠનોની પ્રગતિ ચકાસવા પ્રોજેકટ મોનીટરીંગ કમિટીની બેઠકો પણ યોજાઈ હતી.

**પત્ની :** મારે I-PHONE લેવો છે.
**પતિ :** તો લઈ લે....
**પત્ની :** પણ કઈ કંપનીનો લઉ?....
**પતિ :** પતંજલીનો લઈ લે, તેમાં વાયરસ કે બેકટેરિયા પણ ના આવે આર્યુવેદિક છે.

**છોડવા જેવુ કઈ હોય તો બીજાને નીચા દેખાડવાનું છોડી દો.**

## કીટનાશકોના વપરાશમાં કાળજી

આધુનિક ખેતીમાં વધુ પાક ઉત્પાદન મેળવવા માટે પાક સંરક્ષણ આધુનિક કૃષિ રચનાના પૈડા ગણાય છે. બંને એકબીજા સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલા હોવાથી વધુ ઉત્પાદન આપતા પાકની જાતોનું પૂરતુ ઉત્પાદન મેળવવા માટે સમયસરના પાકસંરક્ષણના પગલા લેવા જરૂરી છે ખેતી પાકોમાં નુકશાન કરતી જીવાતોના નિયંત્રણ માટે ખેડુત મોટે ભાગે રાસાયણિક કિટનાશકોનો સહારો લેતા હોય છે. તેના ઉપયોગથી ત્વરિત પરિણામ મળે છે.

કીટનાશકો ઝેરી હોવાથી તેને વાપરતી વખતે પૂરતી કાળજી રાખવી જરૂરી છે. જો તેના વપરાશમાં બેદરકારી દાખવવામાં આવે તો ઘણી વખત જાનહાનિ થવાનો સંભવ રહે છે. કિટનાશકો વપરાશમાં ન હોય ત્યારે એટલે કે સ્ટોરરૂમમાં હોય ત્યારે છંટકાવનું કામ ચાલુ હોય ત્યારે અને છંટકાવ બાદ કેટલીક સામાન્ય કાળજી લેવામાં આવે તો તેની ઝેરી અસરથી બચી શકાય છે. નીચે કેટલીક સામાન્ય કાળજી જણાવેલ છે. જેનો ખેડુતોએ અમલ કરવો હિતાવહ છે.

<u>કીટનાશકો વાપરતા પહેલા રાખવાની કાળજી</u>

કીટનાશકો કબાટમાં કે અન્ય સલામત જગ્યાએ તાળા બંધ કરી રાખવા જોઈએ કે જેથી બાળકો અને ઘરમાં પાળેલા પ્રાણીઓ તેના સુધી પહોચે નહિ.

કીટનાશકોને ખાદ્ય પદાર્થો અને ઔષધો (મેડિસિન) સાથે કદાપી સંગ્રહ ન કરતા અલગ અલગ જગ્યાએ રાખવા.

કીટનાશકોને તેના મૂળ (ઓરિજનલ) પેકિંગમાં રાખવા જોઈએ.

કીટનાશકોને એક જગ્યાએથી બીજી જગ્યાએ હેરફેર કરતી વખતે રક્ષણાત્મક કપડાનો ઉપયોગ કરવો  જોઈએ.

કીટનાશકોનો ઉપયોગ કરતાં પહેલા તેની સાથે આપેલી માહિતી (લિફલેટ, પેમ્પલેટ, ફોલ્ડર) નો કાળજીપૂર્વક અભ્યાસ કરવો જોઈએ અને તે પ્રમાણે તેને અનુસરવું જોઈએ.

કીટનાશકોનું પેકિંગ હવાચુસ્ત / બંધિયાર જગ્યાએ ખોલવુ નહી પરંતુ ખુલ્લા વાતાવરણમાં ખોલવુ જોઈએ.

<u>કીટનાશકો વાપરતી વખતે રાખવાની કાળજી</u>

કીટનાશક રસાયણના પેકિંગને ખોલવા માટે નાના ચપ્પુનો ઉપયોગ કરવો જોઈએ અને ઉપયોગ કર્યા બાદ તેને ચોખ્ખા પાણી વડે ધોઈ નાખવું જોઈએ.

બોટલ કે પેકિંગ ખોલતી વખતે કીટનાશક શરીરના કોઈ ભાગ પર ના પડે તેની સાવચેતી રાખવી.

કીટનાશકોના છંટકાવ વખતે રક્ષણાત્મક સાધનો જેવા કે જાડો સફેદ ખાદીનો જભ્ભો (એપ્રોન), ચશ્મા, હાથમોજા, બુટ, ગેસમાસ્ક, વગેરેનો ઉપયોગ કરવો જોઈએ કે જેથી

**રડવું ખોટું નથી, ખોટા માણસ માટે રડવું એ ખોટું છે.**

કીટનાશકના બારીક રજકણો છાંટનાર વ્યકિત પર પડે નહી.

જે વ્યકિતના શરીર પર ઘા કે કાપા પડેલા હોય તેવી વ્યકિતઓને કિટનાશકના સંસર્ગમાં આવવું નહી.

કીટનાશકોનું મિશ્રણ બનાવતી વખતે કે છંટકાવ કરતી વખતે કોઈ પણ ચીજ વસ્તુઓ ખાવી પીવી નહી.

કીટનાશકો અને પાણીનું મિશ્રણ હમેશા ખુલ્લી જગ્યામાં કરવું જોઈએ.

કીટનાશકોનું પ્રવાહી મિશ્રણ ખુલ્લા હાથથી ન હલાવતા નાની લાકડીનો અથવા સળિયાનો ઉપયોગ કરવો જોઈએ.

પ્રવાહી કે ભુક્કા રૂપ કિટનાશકોનો છંટકાવ પવનની  દિશામાં ન કરતા હમેશા પવનની દિશામાં જ કરવો જોઈએ.

કીટનાશકનો છંટકાવ હમેશા ઠંડા પહોરે સવારના સમયે અને પવન વગરના શાંત વાતાવરણમાં કરવો જોઈએ.

કીટનાશકોના છંટકાવ દરમિયાન નોજલમાં કચરો  ભરાઈ જાય કે કામ આપતી બંધ થાય ત્યારે નોજલ ખોલીને મો વડે સીધી ફૂક ન મારતા પાતળો તાર, સળી કે સોયનો ઉપયોગ કરવો.

કીટનાશક છાંટનાર વ્યકિતને છંટકાવ દરમિયાન જેરી અસર થાય તો તાત્કાલિક દાકતરી સારવાર લેવી.

<u>કીટનાશક ના વપરાશ બાદ રાખવાની કાળજી</u>

છંટકાવ કર્યા બાદ સ્પ્રેયર / પમ્પની ટાંકીમાં વધેલું પ્રવાહી મિશ્રણ રસ્તા, ઢોળા, પાળા, નીક કે નહેરમાં ન નાખતા જમીનમાં ઉંડો ખાડો કરી યોગ્ય રીતે નિકાલ કરવો.

કીટનાશકોનો ઉપયોગ કર્યા બાદ ખાલી ડબ્બાઓ કે બોટલોને ભાંગી નાખી જમીનમાં ઉંડે દાટી દેવા જેથી ફરી ઉપયોગ થાય નહી.

છંટકાવનું કાર્ય પૂર્ણ થયા બાદ કિટનાશક છાંટવા માટેનાં સાધનો કુવા, તળાવ, ઝરણા કે નદીના પાણીમાં ધોવા નહી.

કીટનાશકોનો વપરાશ કર્યા બાદ છાંટનાર વ્યકિતએ તેના હાથ, પગ, મો, વગેરે સાબુ અને ચોખ્ખા પાણીથી ધોવા.

કીટનાશક છાંટનાર વ્યકિતએ સમયાંતરે દાકતરી તપાસ કરાવતા રહેવું જોઈએ.

જે ખેતરમાં કિટનાશકનો ઉપયોગ કરેલ હોય ત્યાં કિટનાશક છાંટેલ છે તે દર્શાવતુ બોર્ડ મુકવું જોઈએ જેથી અજાણ વ્યકિત ખેતરમાંના શાકભાજી  કે અન્ય ખાદ્ય પદાર્થોના ભુલથી ઉપયોગ કરે નહી.

આમ, કીટનાશકોના વપરાશમાં દરેક તબકકે સામાન્ય કાળજી રાખવામાં આવે તો આપણે અને અન્ય લોકોને પણ ઝેરી અસરથી બચાવી શકાય છે.

**સંકલન : અશોક શેલાર**

*(સંદર્ભ: કૃષિ યુનિવર્સિટી, આણંદ)*

**ક્ષમા કરવાથી ક્ષમતા એ જ મજબૂત વ્યકિતની મિલકત છે.**

## જેન્ડર બેઈજ વર્કશોપ

તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૮ ના રોજ હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચાલતા ખાંભા, બાબરા અને એસએસકેકે દ્વારા ચાલતા ટીંબી પ્રોજેકટના સ્ટાફ માટે કોટન કનેકટ અને આઈડીએચ દ્વારા અમદાવાદ ખાતે એક જેન્ડર બેઈજ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સતત વિકાસ લક્ષ્ય જેવા કે ભુખ, ગરીબી, શિક્ષણ, પાણી, પર્યાવરણ, ઉદ્યોગો અને જેન્ડર જેવી મોટાભાગની સમસ્યાઓ આવરી લઈ જે લક્ષ્ય નક્કી થયા છે તે ૨૦૩૦ માં હાંસલ કરવાના છે. આ તમામ બાબતો આપણાં પ્રોજેકટમાં પણ પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ જોડાયેલી છે અને તે દરેક બાબતોમાં જેન્ડરની સમજ ખુબ જરૂરી બને છે.

જેન્ડરની સામાન્ય સમજ જેવી કે કુદરતી રીતે અને સામાજીક રીતે થતાં ભેદને સમજવા જરૂરી કવાયતો કરવામાં આવી હતી.

આ તાલીમમાં સંસ્થાના કાર્યકરોની લીંગ આધારિત ભૂમિકા અને જવાબદારીઓમાં તેના પ્રોડકટીવ અને રીપ્રોડકટીવ રોલની સમજ બની હતી.

સામાજીક લીંગભેદને પણ સમજવા તથા જેન્ડર સંવેદનશીલતાના ઉદાહરણો જુદી જુદી રમતો દ્વારા સમજવામાં આવ્યા હતા. આ દરેક બાબતો પ્રોજેકટ વિસ્તારમાં લોકો સાથે વહેચવાની સમજ બની.




**આત્મવિશ્વાસનો અર્થ છે, પોતાના કામમાં અતૂટ શ્રધ્ધા.**

## આંતરિક પ્રેરણા પ્રવાસ

સ્થાનિક કક્ષાના ખેડૂત આગેવાનોની શીખવાની બાબતોમાં અન્ય વિસ્તારની સફળવાર્તા કે કેસ સ્ટડી દ્વારા સરળતાથી શીખી શકાય છે અને તે પ્રત્યક્ષ જોવા જાણવાથી તેના અમલ માટે શકયતાઓ બને છે. આ બાબતને ધ્યાનમાં લઈ ધોકડવા પ્રોજેકટના અમુક ગામ આગેવાનો માટે સફળવાર્તા કે કેસ સ્ટડી આધારિત ભાચા તેમજ ધોકડવા મુકામે શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા આંતરિક પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં ૧૦૦ થી પણ વધુ ખેડૂતો જોડાયા હતા. દિલીપભાઈ કીડેચા – ભાચાએ નમુનારૂપ વેરાયટલ ડેમોન્સ્ટ્રેશન કર્યુ હતુ. તેમજ આ વખતે ગુલાબી ઈયળ માટે છોડ પર જેલ લગાડવાનો એક નવો પ્રયોગ કર્યો છે. જે ખેડુતોએ નિહાળીને કપાસના પાકમાં આવતા રોગ અને જીવાત નિયંત્રણ પર દિલીપભાઈના પ્રયોગો પર તેમની સાથે ચર્ચા કરી જરૂરી માહિતી મેળવી હતી. બીજી મુલાકાત ધોકડવા મુકામે રાજુભાઈની વાડીએ બાગાયતી બાબતોમાં તેમણે કરેલ કેળની ખેતીનો પ્રયોગ ટપક પધ્ધતિ સાથે કરેલ છે તેના અનુભવો રાજુભાઈ પાસેથી ખેડૂતોએ મેળવ્યા હતા. અગાઉ ફીલ્ડ ડે જે તે ગામે કોઈ એક ખેતરમાં કરતા હતા તેમા આસપાસના ખેડૂતો એકઠા મળી ચર્ચા કરતા હતા પણ આજે જુદા જુદા ગામના પ્રગતિશીલ ખેડૂતોએ ભેગા મળી કરેલ ચર્ચા નવો પ્રયોગ હતો અને તે ખુબજ ઉપયોગી લાગ્યો.



*હળવાશથી કહેશો તો કોઈની જોડે કડવાશ નહિ થાય.*

**કપાસના રોગો અને સંકલિત જીવાત નિયંત્રણ**

ખેડુત મિત્રો આ વર્ષે કપાસનો પાક વરસાદની અનિયમિતતાના કારણે ધાર્યા મુજબ થાય તેવી સંભાવના નથી અને જીવાતથી નુકશાન થઈ જાય તો બચ્યો પાક પણ જતો રહે છે. તો આજે આપણે મુખ્ય રોગ અને સંકલિત જીવાત નિયંત્રણ વિશે વાત કરશું.

**ખુણિયા ટપકાનો રોગ** : રોગનું પ્રથમ લક્ષણ બીજપત્ર ઉપર વર્તુળ આકારના ગાઢા લીલા રંગના પાણી પોચા ટપકા દેખાય છે. ટપકા ભેગા થતા પાનનો વિસ્તાર કથ્થાઈ કે કાળો પડી જાય છે.

**ઉપાયો** : સ્ટ્રેપટોસાઈકલીન ૦.૦૫% અને કોપર ઓકિસકલોરાઈડ ૦.૨૫% દવાના મિશ્રણનો ૧૫ દિવસના અંતરે ૨–૩ છંટકાવ કરવો.

**મૂળખાઈ** : છોડ એકાએક પુરેપુરો ચીમળાઈ જાય છે. રોગ ગોળાકાર વિસ્તારમાં વધે છે. રોગીષ્ટ મૂળ સડવાથી છોડ સહેલાઈથી ખેંચી કાઢી શકાય છે.

**ઉપાયો** : પાકની લાંબાગાળાની ફેરબદલી, લીલો પડવાસ, ટૂંકા ગાળે પિયત, સેન્દ્રીય ખાતરનો વપરાશ, મિશ્ર પાક તરીકે મઠનું વાવેતર કરવાથી રોગનું પ્રમાણ ઘટાડી શકાય છે. કોપર ઓકિસકલોરાઈડ દવાનું ૦.૨% ટકાનું દ્રાવણ સુકાતા છોડ ફરતે રેડવું ત્યારબાદ યુરિયા ખાતર આપવું.

**સુકારો** : શરૂઆતમાં થોડી ડાળીઓના પાન ચીમળાઈ જાય છે. રોગ ધીમે ધીમે ટોચ તરફ વધતા પાન ખરી જાય છે. થડના અંદરના ભાગમાં કથ્થાઈ રંગ જોવા મળે છે.

**ઉપાયો** : બીજની માવજત, પાકની લાંબાગાળાની ફેરબદલી, સારૂ કોહવાયેલું છાણીયું ખાતર જરૂરી પોટશ સાથે આપવાથી રોગનું પ્રમાણ ઘટાડી શકાય છે.

**બળીયા ટપકાનો રોગ** : રોગ પાછલી અવસ્થાએ પાકટ અને નીચેના પાન ઉપર આક્રમણ કરે છે. પાન ઉપર નાના બદામી અનિયમિત આકારના ટપકા દેખાય છે. પાનની ધાર ઉપર ઝાળ લાગે છે.

**ઉપાયો** : બીજને માવજત આપવી તેમજ રોગની શરૂઆત થતા મેન્કોઝેબ દવા ૧૫ દિવસે ૨–૩ વખત છાંટવી. અથવા ટેબ્યુંકોનાઝોલ છાંટવી.

**દહિયો** : પાકા પાન ઉપર શરૂઆતમાં ઉપલી સપાટીએ પીળાશ પડતા ધાબા દેખાય છે. પાછળથી નીચેની સપાટી ઉપર બદામી અનિયમિત અથવા રાખોડી રંગના ખુણીયા આકારના ટપકા દેખાય છે.

**ઉપાયો** : રોગની શરૂઆત થતા કર્બેન્ડાઝિમ અથવા વેટેબલ સલ્ફર ૦.૨૫ ટકા દવાનો છંટકાવ ૧૫ દિવસના અંતરે બે વખત કરવો.

**વધુ ખર્ચ** : કપાસમાં આવતી ચુસીયા પ્રકારની જીવાતો અને તેને મારવા માટે કરવામાં આવતા જંતુનાશકના સ્પ્રે છે.

માન્ય કરેલ જીવાત પ્રતિકારક કપાસની જાતોનું

વાવેતર કરવું. કપાસ માટે ફળદ્રુપ સારા નિતારવાળી જમીન પસંદ કરવી. ઉનાળામાં ઉંડી ખેડ કરવી. ફેરોમોન ટ્રેપની ગોઠવણી કરવી. દિવેલા તથા ગલગોટાનું વાવેતર કરવું. ખેતરમાં પરભક્ષી કીટકોની જાણવણી કરવા મકાઈ અથવા જુવારનું વાવેતર કરવું. ખેતરમાં પરભક્ષી પક્ષીઓને બેસવા માટેની વ્યવસ્થા કરવી. જીંડવાના વિકાસની અવસ્થાએ સતત ભેજ રહે તે પ્રમાણે પિયત આપવું. શકય હોય તો ટપક સિચાઈ પધ્ધતિથી પિયત આપવું. પાંચ વખત પરજીવી ટ્રાયકોગામા ભમરીના ઈંડા ૧.૫ લાખની સંખ્યામાં હે. પ્રમાણે છોડવા. ઈયળોના નિયંત્રણ માટે લીમડાયુકત જંતુનાશક દવાનો ઉપયોગ કરવો. ઈયળ / ચુસીયા જીવાતો ક્ષમ્યમાત્રા વટાવે ત્યારે સલામત જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો. ઉપરોકત પગલા ભરવા છતાં પણ ઈયળોનું નિયંત્રણ ન થતું હોય તો સાયપરમેથ્રીન ૦.૫ મિલી/પોલીટ્રીન સી. ૧.૦ લી/ફેનવાલરેટ ૦.૫ લીટર સક્રિય તત્વ પ્રતિ હેકટરે છંટકાવ કરવો. ચુસીયા પ્રકારની જીવાતના નિયંત્રણ માટે બ્યુવેરીયા બાસીયાના અને વર્ટીસીલીયમ લેફાની યુકત દવા ૫ કિલો હેકટર પ્રમાણે છંટકાવ કરી શકાય. તેમ છતાં આ બાબતે કોઈ મુશ્કેલી જણાય તો સંસ્થાના કાર્યકરો તથા કૃષિ નિષ્ણાતોની સલાહ લેવી.

***લેખન અને સંકલન : કિશન વાળા***

## એડવાન્સ પ્રોગ્રામ ઈન એફપીઓ

બેન્કર ઈન્સ્ટીટયુટ ઓફ રૂરલ ડેવલોપમેન્ટ એ નાબાર્ડના સહયોગથી લખનૌ ખાતે ૧૦ થી ૧૪ સપ્ટેમ્બર સુધી એફપીઓના સંચાલન માટે સીઈઓની એક તાલીમ યોજાઈ જેમાં ગીરફાર્મ પ્રોડયુસર કંપનીના સીઈઓ શ્રી બીપીન કુંજડીયા અને જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપનીના સીઈઓ શ્રી જય સાખંટ એ ભાગ લીધો હતો. આ પાંચ દિવસની તાલીમ દરમ્યિાન ડો. વિનોદ આર્ય, ડો.બી. શ્રીધર, શ્રી સોમેંદર સિંઘ, અભિનવ પંત અને વિનીત શર્માજી એ નીચેના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી હતી.જેમાં ખેતીની સમસ્યાઓ, ખરીદ – વેચાણ, મૂલ્યવર્ધન, એફપીઓનું સંચાલન, ખેડુતોની આવક બમણી કરવી, કૃષિ, બાગાયત અને પશુપાલન વગેરે. નવજયોતિ કિસાન પ્રોડયુસર કંપનીની મુલાકાત. એફપીઓને સહકાર, સ્ત્રોતો, સરકારી યોજના દ્વારા મદદ. NCDEX અંતર્ગત નાણાકીય જોખમો, ભાવ પ્રાપ્તિ, ભાવતાલ ક્ષમતા સંગ્રહ, ક્રેડિટ ફલો, કુદરતી આફતોનું જોખમ. COST OF CULTIVATION (મહિના મુજબ થતા ખેતી ખર્ચ) વગેરેનો સમાવેશ થાય છે. આ અંતિમ સેશનમા BIRD અને LUCKNOW ના ડીયરેકટર શ્રી રાજ કુમારના વરદ હસ્તે તાલીમાર્થીઓને તાલીમનું સર્ટીફીકેટ આપવામાં આવ્યું.

***ધર્મ વિનાનું જીવન એટલે ફળ વિનાનું વૃક્ષ.***

**Happy Birthday**

| | | |
|---|---|---|
| 1. | Snehal Khuman | 10.10.1983 |
| 2. | Nirav Solanki | 13.10.1991 |
| 3. | Jayesh Jadav | 14.10.1991 |
| 4. | Bechar Savra | 14.10.1986 |
| 5. | Manali Pitroda | 17.10.1995 |
| 6. | Bipinbhai Joshi | 19.10.1954 |
| 7. | Niral Jasani | 29.10.1994 |

**In this month**

1-2 India agribusiness exellance, Bengaluru.

6 PMFBY reviw meeting at Sajjata Sangh.

7-9 Product launch event of FPO, Gandhinagar.

8 Giving Tuseday India workshop, BPA Ahmedabad.

10 Meeting with agriculture department, Amreli

10-14 Advance program for FPO management, BIRD Lucknow.

15 Field work consultation with NLU student, Bengaluru.

21-23 NAPP General Assembly and field visit at Bangkok.

19 PIMC meeting for Jafrabad FPO at Dhokadva.

26 PIMC meeting for Una FPO at Dhokadva.

20-22 2PCC of INGJ45

27 AGM of Jafrabad Agriculture Producer Company limited.

29 AGM of Sorath Agriculture Producer Company limited.

30-3 3rd Party Verification (3PV) of INGJ46

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2018-20**
**Valid Upto 31/12/2020**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**લાગણીને માપવાથી નહિ પણ આપવાથી વધે છે.**